# <u>આંક–૧ તળે હુકમ</u>

૧) ફરીયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ.

૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે મળ્યાની ખાતરી કરી પ્લી રેકર્ડ કરતા આરોપી સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરસીસ પણ આપીને તેમણે ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવા છતાં અને સમજાવવા છતા પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોઈ કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ છે.

૩) આરોપી સામે જુગારધારા ની કલમ–૧૨ મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની/મોટી ઉંમરનો, ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ કર્યાનો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે. તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન અને મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

૪) નામ. ગુજરાતની વડી અદાલતે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. જેથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનું છું. સજા અંગે વિ. એપીપીશ્રી અને આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

૫) આરોપી નં. ૫ નાએ તા. ૧૬/૧૨/૨૦૨૧ ના રોજ ગુનો કબુલ કરેલ છે.

## : હુકમ :

૧) આ કામના પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તેઓની સામેના ગુના સબબ તક્સીરવાન ઠરી રૂ. ૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ ની સજા, જો દંડ ન ભરે તો દિન–૦૫ ની કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨) અપીલ સમય પુરો થયે મુદ્ધામાલ પાવતીમાં જણાવેલ મુદ્ધામાલનો નાશ કરવા યોગ્ય કાર્યવાહી કરવી તથા જો વેલ્યુએબલ મુદ્ધામાલ હોય અને જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ ના હોય તો સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૩, માહે–મે, સને ૨૦૨૩ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩
સ્થળ – ગઢડા (સ્વા.)

(અરૂણ જ્યોતિષ વાસુ)
એડી. સીવીલ જજ અને
જ્યુ.મેજી.ફ.ક., ગઢડા
જજ કોડ – જી.જે.૦૧૩૯૭